# સાનિયાએ અપસેટ સર્જ્યો

**ફ્રેન્ચ ઓપન :** સાનિયા અને વેસનિના ડુલ્કો-પેનેટ્ટાને ૬-૦, ૭-૫થી હરાવીને વિમેન્સ ડબલ્સની સેમિફાઇનલમાં પ્રવેશી, સાનિયા કોઇ પણ ગ્રાન્ડસ્લેમની સેમિફાઇનલમાં પ્રવેશી હોય તેવો પ્રથમ બનાવ



**પીટીઆઇ . પેરિસ**

ભારતીય ટેનિસ ખેલાડી સાનિયા મિર્ઝા અને તેની સાથીદાર ઈલેના વેસનિનાની જોડીએ સોમવારે સૌથી મોટો અપસેટ સર્જીને ફ્રેન્ચ ઓપન ગ્રાન્ડસ્લેમની વિમેન્સ ડબલ્સની સેમિફાઇનલમાં પહોંચીને નવી સિદ્ધિ મેળવી હતી. સાનિયા અને તેની રશિયન પાર્ટનર વેસનિનાની સાતમી ક્રમાંકિત જોડીએ વિમેન્સ ડબલ્સનો મેજર અપસેટ સર્જીને આર્જેન્ટિનાની ગિસેલા ડુલ્કો તથા ઇટાલીની ફ્લેવિયા પેનેટ્ટાની ટોચની ક્રમાંકિત જોડીને ૬-૦, ૭-૫થી પરાજય આપ્યો હતો. મહેશ ભૂપતિ સાથે ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમ જીતી ચૂકેલી સાનિયા પ્રથમ વખત વિમેન્સ ડબલ્સની સેમિફાઇનલમાં પહોંચી છે. અગાઉ સાનિયા ૨૦૦૭માં યુએસ ઓપન તથા ૨૦૦૮માં વિમ્બલડનની ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી હતી. સાનિયા સિંગલ્સ ઈવેન્ટમાં અગાઉ હારી ચૂકી છે અને ફ્રેન્ચ ઓપનના પ્રદર્શનના કારણે તેનો ડબલ્સનો રેન્ક સુધરે તેવી સંભાવના છે.

ભારત માટે બીજા સારા સમાચાર એ છે કે મેન્સ ડબલ્સમાં રોહન બોપન્ના તથા તેના પાકિસ્તાની સાથીદાર કુરેશીએ પણ પોતાની આગેકૂચ જારી રાખી હતી.

### કોર્ટમાં ઉતર્યા વિના જોકોવિચ સેમિફાઇનલમાં

સર્બિયાનો બીજો ક્રમાંકિત નોવાક જોકોવિચ સોમવારે ટેનિસ કોર્ટ પર ઉતર્યા વિના જ રોલેન્ડ ગરોસ ખાતે રમાતી ફ્રેન્ચ ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટની સેમિફાઇનલમાં પહોંચી ગયો હતો. ક્વાર્ટર ફાઇનલમાં જોકોવિચનો હરીફ ખેલાડી ફેબિયો ફોગનિની પગના સ્નાયુ ખેંચાઇ જવાના કારણે મેચ પહેલાં જ ટૂર્નામેન્ટમાંથી ખસી ગયો હતો. બીજી તરફ સ્પેનના પ્રથમ ક્રમાંકિત રફેલ નાદાલે ક્રોએશિયાના ઈવાન જ્યુબિકિકને ૭-૫, ૬-૩, ૬-૩થી પરાજય આપ્યો હતો. આર્જેન્ટિનાના જુઆન ઇગ્નેસિયા ચેલાએ એલજાન્ડ્રો ફાલિયાને ૬-૪, ૨-૬, ૬-૧, ૭-૬(૭-૫), ૬-૨થી પરાજય આપીને પોતાના અભિયાનને આગળ વધાર્યું હતું.

### ચીનની લી નાની આગેકૂચ

વિમેન્સ સિંગલ્સમાં છઠ્ઠી ક્રમાંકિત લી ના ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કરનાર ચીનની પ્રથમ ખેલાડી બની ગઇ છે. તેણે ચેકરાષ્ટ્રની પેટ્રા ક્વિટોવા સામે ૧-૬, ૬-૧, ૬-૩થી વિજય મેળવ્યો હતો. લી ના વર્ષની શરૂઆતમાં ઓસ્ટ્રેલિયન ઓપનની ગ્રાન્ડસ્લેમમાં પ્રવેશનાર ચીનની પ્રથમ ખેલાડી બની હતી.



» રોહન બોપન્ના અને ઐસામ-ઉલ-હક કુરેશીની જોડી છેલ્લા ચાર ગ્રાન્ડસ્લેમમાં ત્રીજી વખત ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશી.

## બોપન્ના અને કુરેશી ક્વાર્ટર ફાઇનલમાં

**પેરિસ :** ભારતીય ડેવિસ કપ ખેલાડી રોહન બોપન્ના અને તેના પાકિસ્તાની સાથીદાર ઐસામ-ઉલ-હક કુરેશીએ સોમવારે સીધા સેટમાં વિજય મેળવીને ફ્રેન્ચ ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટની મેન્સ ડબલ્સની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કરી લીધો હતો. બોપન્ના અને કુરેશીની પાંચમી ક્રમાંકિત જોડીએ કઝાકિસ્તાનના આંન્દ્રે ગોલુબેવ તથા ઉઝબેકિસ્તાનના ડેનિસ ઇસ્ટોમિનની જોડીને ૬-૩, ૭-૫થી પરાજય આપ્યો હતો. આ મુકાબલો લગભગ એક કલાક અને નવ મિનિટ સુધી ચાલ્યો હતો. છેલ્લાં ચાર ગ્રાન્ડસ્લેમમાં બોપન્ના અને કુરેશી ત્રીજી વખત ક્વાર્ટર ફાઇનલ રમી રહ્યાં છે. તેમનો આગામી મુકાબલો બ્રાયન બંધુ બોબ તથા માઇક સાથે થશે.

## સ્પોર્ટ્સ બ્રીફ

## ભારતીય ટીમ મજબૂત છે

**ડેવ વોટમોરની કલમે**

વેસ્ટ ઈન્ડીઝના પ્રવાસે જનારી ભારતીય ક્રિકેટ ટીમના ૧૬ ખેલાડીમાંથી દસ ખેલાડી આઈપીએલના પ્લે ઓફમાં રમી ચૂક્યા છે અને તેમાંથી પાંચ તો ફાઇનલમાં રમ્યા હતા. આમ આ ખેલાડીઓ પાસે આરામ કરવા માટે માત્ર છ દિવસનો સમય રહેશે અને તેમાં પણ વેસ્ટ ઈન્ડીઝની મુસાફરી થકવી દેનારી હોય છે. મારું માનવું છે કે આ ખેલાડીઓ શારીરિક અને માનસિક રીતે થાકેલા હશે.




સળંગ રમતાં રહેવાને કારણે ખેલાડીઓની ફિટનેસ પર પણ અસર પડતી હોય છે. ભારતના કેટલાક સિનિયર ખેલાડી અનફિટ હોવાને કારણે અથવા તો તેમને આરામ અપાયો હોવાને કારણે યુવાનોને તક મળી છે.

મનોજ તિવારી કેટલાંક વર્ષ પછી ઈન્ટરનેશનલ ક્રિકેટમાં પુનરાગમન કરી રહ્યો છે. આ વખતે આઈપીએલમાં મનોજ તિવારી મુક્તપણે રમ્યો, કેમ કે તેને ખબર હતી કે લગભગ તમામ મેચમાં તેની પસંદગી થવાની છે. આ જ રીતે રોહિત શર્મા અને બદ્રીનાથની કારકિર્દીને પણ નવી ગતિ મળી શકે તેમ છે. સુરેશ રૈનાની આગેવાનીમાં ભારતીય ટીમ ઘણી મજબૂત છે અને મને લાગે છે કે તે સારો દેખાવ કરશે. *(ગેમ પ્લાન)*

## IPLનો અનુભવ શાનદાર રહ્યો

**માઇક હસ્સીની કલમે**

ચેન્નાઈમાં ઘરઆંગણાના પ્રેક્ષકો વચ્ચે આઈપીએલનું ટાઇટલ ફરીથી જીતવું તે શાનદાર અનુભવ રહ્યો હતો. અમને અમારા સમર્થકોનું ભરપૂર સમર્થન મળ્યું હતું. વિજય બાદ અમે અમારી ટીમનું ગીત ગાયું હતું જેને કેટલાક વર્ષ પહેલાં જ્યોર્જ બેઈલીએ તૈયાર કર્યું હતું. આ એક વિશેષ ગીત છે તથા અમને તમામને તેમાંથી પ્રેરણા મળે છે. ટોસ જીતવાનો અમને ફાયદો મળ્યો હતો, કારણ કે પિચ શરૂઆતથી જ બેટ્સમેન માટે મદદરૂપ હતી, જે પાછળથી ધીમી થઇ ગઇ હતી. મારા તથા મુરલી વિજય વચ્ચેની ભાગીદારીથી અમારી ઈનિંગ્સનો સંગીન પ્રારંભ થયો હતો. વિજયે શાનદાર બેટિંગ કરી હતી અને તે સદી ચૂક્યો તેનો અમને અફસોસ છે. ધોની ટીમમાં આત્મવિશ્વાસનો સંચાર કરે છે તથા તે અત્યારે પૂરા ફોર્મમાં છે. ગેઈલના જલદીથી આઉટ થયા બાદ મેચ ઉપર અમારી પક્કડ વધુ મજબૂત બની હતી. આઈપીએલ તમામ ખેલાડીઓ માટે આનંદદાયક રહી હતી. ખેલાડીઓના પ્રદર્શન તથા સફળતા માટેનું શ્રેય કોચિંગ સ્ટાફને ફાળે પણ જાય છે. *(ગેમપ્લાન)*




## સિટી સ્પોર્ટ્સ

### ન્યુ મેન્ટલ ટ્રોફીમાં એસપીઆઈએસ વિજેતા

**અમદાવાદ :** એચએલ કોમર્સ કોલેજ ગ્રાઉન્ડ ખાતે રમાયેલી ન્યુ મેન્ટલ ક્રિકેટ ટ્રોફીમાં એસપીઆઈએસ ટીમ ફિનિક્સ સ્ટારલેટ્સને ત્રણ વિકેટે હરાવીને ચેમ્પિયન બની હતી. ટૂંકો સ્કોર : ફિનિક્સ સ્ટારલેટ્સ : ૫/૧૧૮(કૌશલ રાઠોડ અણનમ ૬૩, સેલ્ડન જેક્સન ૨૦, બેન્સન ૨૯માં બે). એસપીઆઈએસ : ૭/૧૨૦ (જિજૂ જર્નાદન ૨૬, પ્રાંજલ સૂતરિયા ૨૧, હિમાલય બારોડ ૩૨, દેવાંગ ખત્રી ૨૨માં ત્રણ, હાર્દિક રાઠોડ ૧૯માં બે). આ ટૂર્નામેન્ટમાં પ્રાંજલ સૂતરિયાને મેન ઓફ ધ મેચ, દેવાંગ ખત્રીને બેસ્ટ બોલર તથા કૌશલ રાઠોડને બેસ્ટ બેટ્સમેન જાહેર કરવામાં આવ્યા હતા.





સેન્ટ ઝેવિયર્સ લોયેલા સ્કેટિંગ રિંક ખાતે રોલર સ્કેટિંગ ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૦૦ જેટલાં સ્કેટર્સે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ક્વેડ ઇનલાઇન ટેનાસિટીના વિવિધ વયગ્રૂપમાં વિજેતા બનેલા સ્કેટર્સને મેડલ્સ તથા સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યાં હતાં.

**ઘોષણા** | ભારત સામેની ટી૨૦, વન-ડે માટે વેસ્ટ ઇન્ડીઝની ટીમ જાહેર

## વેસ્ટ ઈન્ડીઝની ટી૨૦ ટીમમાંથી ગેઈલ આઉટ

**પીટીઆઈ . સેંટ જોન્સ**

આઈપીએલની ટી૨૦ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં સૌથી વધુ રન નોંધાવનારા તથા ઝંઝાવાતી પ્રદર્શન કરીને બેંગલોરની ટીમને ફાઇનલ સુધી પહોંચાડનારા બેટ્સમેન ક્રિસ ગેઈલને પ્રવાસી ભારત સામેની ટી૨૦ મેચ તથા એ પછીની પ્રથમ બે વન-ડે ક્રિકેટ મેચ માટે જાહેર થયેલી વેસ્ટ ઈન્ડીઝની ટીમમાંથી બાકાત રાખવામાં આવ્યો છે.

વેસ્ટ ઈન્ડીઝ ક્રિકેટ બોર્ડે એક નિવેદન દ્વારા જાહેર કર્યું હતું કે પસંદગી સમિતિ અને ટીમ મેનેજમેન્ટ સાથે ક્રિસ ગેઈલની બેઠક યોજાય નહીં ત્યાં સુધી તેને ટીમની પસંદગી માટે ધ્યાનમાં લેવામાં આવશે નહીં. એક રેડિયો પર ગેઈલે કરેલી કોમેન્ટ બાદ આ બેઠક જરૂરી બની ગઈ છે.

તાજેતરમાં જ પાકિસ્તાન સામેની શ્રેણીમાંથી ક્રિસ ગેઈલને બાકાત રખાયા બાદ કેરેબિયન ઓપનર અને ક્રિકેટ બોર્ડ સામસામે આવી ગયા હતા.

ગેઈલે એવો આક્ષેપ કર્યો હતો કે તે ઘાયલ હતો ત્યારે બોર્ડે તેની દેખરેખ રાખી ન હતી જ્યારે બીજી તરફ વિન્ડીઝ ક્રિકેટ બોર્ડે એવો દાવો કર્યો છે કે આઈપીએલમાં રમવા માટે ભારત જતાં અગાઉ ગેઈલે બોર્ડને જાણ કરી ન હતી.

ગેઈલે આઈપીએલમાં બે સદી સાથે ૬૦૮ રન ફટકાર્યા હતા અને લગભગ દરેક મેચમાં તેનો સ્ટ્રાઇક રેટ ૧૫૦થી વધુનો રહ્યો હતો.

બોર્ડની યાદીમાં જણાવ્યા મુજબ ખેલાડીઓને વધુ પડતું ક્રિકેટ રમવું પડે નહીં તેથી ભારત સામેની શ્રેણી દરમિયાન વિવિધ મેચમાં કોઈને કોઈ ખેલાડીને આરામ આપવાની નીતિ અપનાવવામાં આવશે.



**ટી૨૦ :** ડેરેન સેમ્મી (સુકાની), લેન્ડલ સિમન્સ, આન્દ્રે ફ્લેચર, ડેરેન બ્રેવો, માર્લોન સેમ્યુઅલ્સ, ડાન્ઝા હેઇટ, ક્રિસ્ટોફર બાર્નવેલ, આન્દ્રે રસેલ, એશ્લે નર્સ, દેવેન્દ્ર બિશુ, રવિ રામપોલ, કે. સેન્ટોકી.

**વન-ડે :** ડેરેન સેમ્મી (સુકાની), લેન્ડલ સિમન્સ, કિર્ક એડવર્ડ્સ, ડેરેન બ્રેવો, માર્લોન સેમ્યુઅલ્સ, રામનરેશ સરવન, ડ્વેઇન બ્રેવો, કેઈરોન પોલાર્ડ, કાર્લટન બગ, આન્દ્રે રસેલ, એન્થની માર્ટિન, દેવેન્દ્ર બિશુ, રવિ રામપોલ.

## સ્ટેટ સ્વિમિંગમાં વિક્રમો સર્જાયા















**ભાસ્કર ન્યૂઝ . અમદાવાદ**

ગૂજરાત વિદ્યાપીઠ ખાતે યોજાયેલી ૩૮મી જુનિયર ગુજરાત સ્ટેટ એક્વેટિક ચેમ્પિયનશિપમાં ગીતાંજલિ પાંડેએ ચાર નવા રેકોર્ડ સાથે છ ગોલ્ડમેડલ જીતીને બેસ્ટ સ્વિમર તરીકેનો એવોર્ડ મેળવ્યો હતો. ૩૮મી ગુજરાત સ્ટેટ જુનિયર તથા સબ જુનિયર એક્વેટિક ચેમ્પિયનશિપમાં ૩૩ નવા રેકોર્ડ નોંધાયા હતા. નીલ કોન્ટ્રાક્ટરે ગ્રૂપ-૧ બોય્ઝમાં સાત નવા રેકોર્ડ, રાહુલ ચોક્સીએ વ્યકિતગત રેકોર્ડ સર્જવા ઉપરાંત વંદિતા ધારિયાલે ગ્રૂપ-૧ ગર્લ્સ કેટેગરીમાં પાંચ નવા વિક્રમ સર્જ્યા હતા. કુશી પટેલે પાંચ ગોલ્ડ તથા માલવિકા ઝવેરી તથા માન્સી ત્રિવેદીએ પણ વિવિધ ઈવેન્ટમાં નવા વિક્રમ નોંધાવ્યા હતા. શનાયા ગિરધારીલાલે વ્યક્તિગત મિડલેની પાંચ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ સાથે ગ્રૂપ ચેમ્પિયનશિપ જીતી લીધી હતી. ભોપાલ ખાતે યોજાનારી નેશનલ ચેમ્પિયનશિપ માટે શનાયાની પસંદગી કરવામાં આવી છે. ૨૮મી સબ જુનિયર સ્ટેટ એક્વેટિક ચેમ્પિયનશિપમાં ખુશી પટેલે બટર ફ્લાય, બેક સ્ટ્રોક સહિત પાંચ ઈવેન્ટમાં ગોલ્ડમેડલ જીત્યા હતા અને ઈન્દોર ખાતે રમાનારી નેશનલ સ્પર્ધા માટે ખુશીની પસંદગી થઇ છે. અનેરી ત્રિવેદીએ સિલ્વર તથા બ્રોન્ઝ મેડલ મેળવીને શાનદાર દેખાવ કર્યો હતો. સૌમ્યા પટેલે સબ જુનિયર સ્પર્ધામાં ૫૦ તથા ૧૦૦ મીટર બ્રેસ્ટ સ્ટ્રોકમાં બીજા સ્થાન સાથે સિલ્વરમેડલ મેળવ્યો હતો. મહિમા પ્રશાંત સોનીએ ગ્રૂપ-૩ ગર્લ્સ ઈવેન્ટસની બ્રેસ્ટ સ્ટ્રોકમાં પ્રથમ, મિડલે રિલેમાં પ્રથમ તથા ફ્રી સ્ટાઇલ રિલેમાં પ્રથમ સ્થાન સાથે ગોલ્ડમેડલ જીત્યા હતા. છાયાંક આચાર્યે બેક સ્ટ્રોકની ચાર ઈવેન્ટમાં ગોલ્ડ, ફ્રી સ્ટાઇલ તથા મિડલે રિલેમાં સિલ્વર તથા ૪૦૦ મીટર ફ્રી સ્ટાઇલમાં બ્રોન્ઝમેડલ મેળવ્યો હતો. ભોપાલ ખાતે યોજાનારી નેશનલ ચેમ્પિયનશિપ માટે છાયાંકની પસંદગી થઇ છે.

## પ્રથમ ટેસ્ટમાં ઈંગ્લેન્ડનો નાટ્યાત્મક વિજય

**ધબડકો** ૯૬ રનના દેવા બાદ બીજા દાવમાં શ્રીલંકા ૮૨ રનમાં ખખડ્યું, ટ્રેમ્લેટ-સ્વાનની ચાર-ચાર વિકેટ

**એજન્સી . કાર્ડિફ**



ક્રિસ ટ્રેમ્લેટ અને ગ્રીમ સ્વાને બોલિંગમાં તરખાટ મચાવતા અહીં રમાયેલી પ્રથમ ક્રિકેટ ટેસ્ટમાં શ્રીલંકાનો નાટ્યાત્મક ધબડકો થયો હતો અને ઈંગ્લેન્ડે નિશ્ચિતપણે ડ્રોમાં જઈ રહેલી મેચમાં એક ઈનિંગ્સ અને ૧૪ રનથી શાનદાર વિજય હાંસલ કર્યો હતો. સમગ્ર મેચમાં વરસાદનું પ્રભુત્વ રહ્યું હતું અને તેમાંય પાંચમા દિવસે લંચ સુધી તો રમત શરૂ થઈ શકી ન હતી પરંતુ એ પછી ઈંગ્લેન્ડે પાંચ વિકેટે ૪૯૬ રનના સ્કોરે પોતાનો પ્રથમ દાવ ડિકલેર કરીને મેચ રસપ્રદ બનાવી દીધી હતી. બીજા દાવમાં શ્રીલંકાનો સંપૂર્ણ ધબડકો થયો હતો અને માત્ર ૮૨ રનમાં પ્રવાસી ટીમ ખખડી ગઈ હતી. ક્રિસ ટ્રેમ્લેટ અને ગ્રીમ સ્વાને ચાર-ચાર વિકેટ ઝડપી હતી. શ્રીલંકાએ બીજા દાવનો પ્રારંભ કર્યો ત્યાં સુધી મેચ ડ્રો જશે તેમ લાગતું હતું, પરંતુ અચાનક જ પ્રવાસી ટીમનો ધબડકો થયો હતો. એક તબક્કે શ્રીલંકાએ માત્ર બાવન રનમાં આઠ વિકેટ ગુમાવી દીધી એ સાથે તેનો પડકાર શમી ગયો હતો.

### સ્કોર બોર્ડ

શ્રીલંકા (પ્રથમ દાવ) ૪૦૦.

| ઇંગ્લેન્ડ (પ્રથમ દાવ) | રન | બોલ | ૪ | ૬ |
|---|---|---|---|---|
| સ્ટ્રાઉસ કો. જયવર્દને બો. લકમલ | ૨૦ | ૪૭ | ૨ | ૦ |
| કૂક કો. પ્રસન્ના બો. મહારૂફ | ૧૩૩ | ૨૭૪ | ૧૦ | ૦ |
| એન્ડરસન કો. જયવર્દને બો. મેન્ડીસ | ૧ | ૧૬ | ૦ | ૦ |
| ટ્રોટ બો. દિલશાન | ૨૦૩ | ૪૦૯ | ૧૭ | ૦ |
| પીટરસન એલબી. બો. હેરાથ | ૩ | ૧૧ | ૦ | ૦ |
| બેલ અણનમ | ૧૦૩ | ૧૫૯ | ૧૧ | ૧ |
| મોર્ગન અણનમ | ૧૪ | ૧૯ | ૨ | ૦ |

એક્સ્ટ્રા : ૧૯. કુલ : (૧૫૫ ઓવરમાં, પાંચ વિકેટે ડિકલેર) ૪૯૬. વિકેટ : ૧-૪૬, ૨-૪૭, ૩-૨૯૮, ૪-૩૦૫, ૫-૪૬૫. બોલિંગ : લકમલ : ૨૨-૪-૬૮-૧, પરેરા : ૨૪-૫-૮૧-૦, દિલશાન : ૧૬-૧-૬૦-૧, મહારૂફ : ૨૮-૩-૯૨-૧, મેન્ડીસ : ૨૧-૪-૬૬-૧, હેરાથ : ૪૪-૭-૧૧૫-૧.

| શ્રીલંકા (બીજો દાવ) | રન | બોલ | ૪ | ૬ |
|---|---|---|---|---|
| પરાનવિતાના કો. સ્ટ્રાઉસ બો. ટ્રેમ્લેટ | ૦ | ૧૦ | ૦ | ૦ |
| દિલશાન કો. એન્ડ બો. ટ્રેમ્લેટ | ૧૦ | ૧૦ | ૨ | ૦ |
| સંગાકરા કો. સ્ટ્રાઉસ બો. સ્વાન | ૧૪ | ૩૮ | ૧ | ૦ |
| જયવર્દને કો. સ્ટ્રાઉસ બો. ટ્રેમ્લેટ | ૧૫ | ૩૨ | ૨ | ૦ |
| સમરવિરા બો. સ્વાન | ૦ | ૯ | ૦ | ૦ |
| પી. જયવર્દને કો. પ્રાયર બો. ટ્રેમ્લેટ | ૩ | ૬ | ૦ | ૦ |
| મહારૂફ કો. પ્રાયર બો. સ્વાન | ૦ | ૩ | ૦ | ૦ |
| પરેરા કો. બેલ બો. બ્રોડ | ૨૦ | ૧૭ | ૪ | ૦ |
| હેરાથ એલબી. બો. સ્વાન | ૩ | ૩ | ૦ | ૦ |
| મેન્ડીસ અણનમ | ૧૨ | ૧૮ | ૨ | ૦ |
| લકમલ કો. કૂક બો. બ્રોડ | ૦ | ૨ | ૦ | ૦ |

એક્સ્ટ્રા : ૦૫. કુલ : ( ૨૪.૪ ઓવરમાં) ૮૨. વિકેટ : ૧-૦૧, ૨-૧૦, ૩-૩૩, ૪-૩૬, ૫-૪૩, ૬-૪૩, ૭-૪૩, ૮-૫૨, ૯-૮૨, ૧૦-૮૨. બોલિંગ : બ્રોડ : ૭.૪-૧-૨૧-૨, ટ્રેમ્લેટ : ૧૦-૨-૪૦-૪, સ્વાન : ૭-૧-૧૬-૪.

## અંડર-૧૧ નેશનલ ચેસ સ્પર્ધા રોમાંચક બની

**અમદાવાદ :** કર્ણાવતી ક્લબ ખાતે રમાતી અંડર-૧૧ નેશનલ ચેસ ચેમ્પિયનશિપમાં તામિલનાડુના ત્રીજા ક્રમાંકિત રાથનવેલ તથા આંધ્રપ્રદેશના પાંચમા ક્રમાંકિત વાય. ગ્રહેશે પાંચમા રાઉન્ડના અંતે પાંચ પોઇન્ટ મેળવીને સંયુક્ત રીતે ટોચનું સ્થાન મેળવ્યું હતું. બંને ખેલાડીઓ એકબીજા સામે મંગળવારે મુકાબલો કરશે. ગર્લ્સ કેટેગરીમાં ૧૨મી ક્રમાંકિત વેસ્ટ બંગાળની ખુશી ધારેવાએ પાંચ પોઇન્ટ સાથે ટોચનું સ્થાન હાંસલ કર્યું હતું. મહારાષ્ટ્રના પુરાનિક અભિમન્યુએ સાતમા ક્રમાંકિત હર્ષા ભારથાકોટી સામેનો મુકાબલો ડ્રો કર્યો હતો. ગર્લ્સમાં ખુશીએ ઓરિસ્સાની સ્વેતા સેનાપતિને હરાવીને ચેમ્પિયનશિપમાં પોતાના વર્ચસ્વને વધારે મજબૂત કર્યું હતું. ગર્લ્સ ઈવેન્ટના પોઈન્ટ ટેબલમાં સુન્યાકથા, પ્રિયંકા તથા વિશ્વા શાહે અનુક્રમે બીજું, ત્રીજું તથા ચોથું સ્થાન મેળવ્યું હતું.

